# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી
(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),
"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭
ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦
E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref No. PN 2024-25/018 Dt. 02/07/2024

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના SGCCI બિઝનેસ કનેકટ દ્વારા 'SBC એવોર્ડ ફંકશન અને ફેમિલી ગેટ ટુ ગેધર મિટીંગ' યોજાઇ

### ચેમ્બર પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ ચેમ્બરના સભ્યોને અંદરો અંદર વધુમાં વધુ બિઝનેસ મળી રહે તે માટે SGCCI બિઝનેસ કનેકટના ગૃપો વધારવા હાંકલ કરી

### ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી નિરવ માંડલેવાલાએ નેટવર્કીંગ વિશે સભ્યોને માહિતી આપી નેટવર્કીંગ કરતા પહેલા રિસર્ચ કરવા અને બિઝનેસની સમસ્યાઓ વિશે સતર્ક રહેવા જણાવ્યું

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના SGCCI બિઝનેસ કનેકટ દ્વારા રવિવાર, તા. ૩૦ જૂન, ૨૦૨૪ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે કેતોઝ કલબ, સુરત ખાતે SBC એવોર્ડ ફંકશન અને ફેમિલી ગેટ ટુ ગેધર મિટીંગ યોજાઇ હતી. એસબીસીના ચેરમેન શ્રી ચિરાગ દેસાઈનાં અધ્યક્ષપદે યોજાયેલી મિટીગમાં એસબીસીના સભ્યો અને તેમના પરિવારજનો મળીને કુલ ૧૦૦થી વધુ મિત્રોએ હાજરી આપી હતી.

આ મિટીગમાં એસબીસીના ચેરમેન શ્રી ચિરાગ દેસાઈએ સર્વેને આવકારી એવોર્ડ ફંકશનની શરૂઆત કરી હતી. જેમાં ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, ઉપ પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી, માનદ્ મંત્રી શ્રી નિરવ માંડલેવાલા, માનદ્ ખજાનચી શ્રી મૃણાલ શુકલ તથા ગૃપ ચેરમેનો શ્રી બિજલ જરીવાલા અને શ્રી ભાવેશ ટેલરે ખાસ હાજરી આપી હતી.

ચેમ્બરના પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ ચેમ્બરના સભ્યોને એસજીસીસીઆઇ બિઝનેસ કનેકટ પ્લેટફોર્મના માધ્યમથી વધુમાં વધુ બિઝનેસ મળી શકે તે માટે ગૃપો વધારવા હાંકલ કરી હતી. ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ મિટીંગમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. જ્યારે માનદ્ ખજાનચી શ્રી મૃણાલ શુકલએ એસબીસીના સભ્યોને સંબોધ્યા હતા.

ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી નિરવ માંડલેવાલાએ નેટવર્કીંગ વિશે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, કયારેય પણ કોઇ વ્યકિતની નેટ વર્થ જોઇને બિઝનેસ નહી કરવો જોઇએ. આ બાબતને બાજુમાં મૂકીને નેટવર્કીંગ કરીશું તો બિઝનેસ વધારવાની દિશામાં સારામાં સારુ કામ કરી શકીશું. તેમણે કહયું હતું કે, મજબુત નેટવર્ક બનાવવા માટે માત્ર સંપર્ક નહી પણ સંબંધ બનાવવા પડે છે. સંપર્ક ટેમ્પરરી હોય છે પણ સંબંધ કાયમ માટે રહે છે. સારા નેટવર્ક માટે આપની અંદર કવોલિટીઝ પણ ડેવલપ કરવી જોઇએ. નેટવર્કીંગ કરતા પહેલા રિસર્ચ પણ કરવું જોઇએ અને બિઝનેસની સમસ્યાઓ વિશે પણ સતર્ક રહેવું જોઇએ.

ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી દિપક કુમાર શેઠવાલાએ વર્ષ ૨૦૨૩–૨૪માં એસબીસી દ્વારા કરાયેલી વિવિધ પ્રવૃત્તિઓની ઝાંખી વર્ણવી હતી. આ ઉપરાંત તેમણે ચેરમેનશ્રી દ્વારા યોજાયેલી ઇન્ડસ્ટ્રીયલ વિઝીટ અને જુદા જુદા એસોસીએસનો સાથે થયેલી પાર્ટનરશીપ મિટીંગોની પણ પ્રશંસા કરી હતી. ત્યારબાદ એવોર્ડ ફંકશનની શરૂઆત કરવામાં આવી હતી.

એવોર્ડ ફંકશનમાં મોસ્ટ એક્ટિવ પાવર ટીમ એવોર્ડ, મોસ્ટ એક્ટિવલી ઓર્ગેનાઇઝ પાવર ટીમ કેપ્ટન એવોર્ડ, આઉટ સ્ટેન્ડિંગ પાવર ટીમ કેપ્ટન એવોર્ડ, હાઈએસ્ટ બિઝનેસ ગીવર એવોર્ડ, હાઈએસ્ટ રેફરલ એવોર્ડ, હાઈએસ્ટ ફેસ ટુ ફેસ એવોર્ડ, હાઈએસ્ટ અટેન્ડન્સ ઇન SBC 1.0 મિટિંગ એવોર્ડ, હાઈએસ્ટ અટેન્ડન્સ ઇન SBC 2.0 મિટિંગ એવોર્ડ, એક્ટિવ કમિટી મેમ્બર્સ એવોર્ડ, મોસ્ટ એક્ટિવ આઇટી ડેવલપમેન્ટ એન્ડ ગ્રોથ એવોર્ડ, બેસ્ટ ઇવેન્ટ હોસ્ટિંગ એવોર્ડ, મોસ્ટ એક્ટિવ એન્ડ આઉટ સ્ટેન્ડિંગ પરફોર્મન્સ ઈન એસબીસી એવોર્ડ, પાવર ટીમ કેપ્ટન રેકગ્નિશન અને સ્પેશ્યલ રેકગ્નિશનમાં ગૃપ ચેરમેન, એડવાઈઝર, કો–ચેરમેન અને આ મિટીંગને હોસ્ટ કરનાર આર.જે. મીતનું સન્માન કરવામાં આવ્યું હતું.

એસબીસીના ચેરમેન શ્રી ચિરાગ દેસાઈએ વર્ષ ૨૦૨૪–૨૫ના નવા ચેરપર્સન સુશ્રી સ્નેહાબેન જરીવાલાનો પરિચય આપ્યો હતો. નવા ચેરપર્સને વર્ષ ૨૦૨૪–૨૫નું તેમનું વિઝન, નવી ટીમનો પરિચય અને હવે પછી આવનારી બે મિટીંગોની માહિતી આપી હતી.